# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## એકમ કસોટી - 4 : 2020-21

**ધોરણ-10 (ગુજરાતી માધ્યમ)**

Time : 45 Minutes | **વિષય : વિજ્ઞાન (11)** | Total Marks : 25

### વિભાગ-A

● **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. ( દરેકનો 1 ગુણ)** **4**

પ્રશ્ન-1 સાચો વિકલ્પ પસંદ કરો.

એક કસનળીમાં એક એસિડનું અને એક બેઈઝનું દ્રાવણ મિશ્ર કરતાં,.... સાચો વિકલ્પ પસંદ કરો.

(i) દ્રાવણનું તાપમાન વધશે.

(ii) દ્રાવણનું તાપમાન ઘટશે.

(iii) દ્રાવણનું તાપમાન તે જ રહેશે.

(iv) ક્ષારનું નિર્માણ થશે.

વિકલ્પો : (A) ફક્ત (i) સાચું (B) (ii) અને (iii) સાચા

(C) (i) અને (iii) સાચા (D) (i) અને (iv) સાચા

પ્રશ્ન-2 એક ડૉક્ટરે એક દર્દીને ઈન્સ્યુલિનનું ઈન્જેક્શન લેવાની સલાહ આપી કારણ કે...

(A) એનું બ્લડપ્રેશર ઓછું હતું. (B) એના હૃદયના ધબકારા ધીમા હતા.

(C) એને ગોઈટર નામનો રોગ થયો હતો (D) એના રૂધિરમાં શર્કરાનું પ્રમાણ વધુ હતું.

પ્રશ્ન-3 કોઈ પ્રકાશનું કિરણ જ્યારે ત્રાંસુ આપાત થઈ હવામાંથી પાણીમાં પ્રવેશે ત્યારે તેનો પથ દર્શાવતી કિરણાકૃતિ દોરો.

પ્રશ્ન-4 પૃથ્વી પરથી બધી લીલી વનસ્પતિ લુપ્ત થઈ જાય તો શું થાય ?

### વિભાગ-B

● **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો. ( દરેકના 2 ગુણ)** **8**

પ્રશ્ન-5 તફાવત આપો : બહિર્ગોળ લેન્સ અને અંતર્ગોળ લેન્સ

પ્રશ્ન-6 (A) વૈજ્ઞાનિક કારણ આપો : દહીં અને ખાટાં પદાર્થોને પિત્તળ તેમજ તાંબાના વાસણોમાં ન રાખવા જોઈએ.

(B) તટસ્થીકરણ પ્રક્રિયા કોને કહે છે ?

પ્રશ્ન-7 ક્ષારણ એટલે શું ? લોખંડનું ક્ષારણ અટકાવવા માટેના કોઈપણ બે ઉપાયો જણાવો.

પ્રશ્ન-8 ઓહ્મનો નિયમ લખી અવરોધનો SI એકમ લખો.

### વિભાગ-C

● **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો. ( દરેકના 3 ગુણ)** **9**

પ્રશ્ન-9 કોપરના શુદ્ધિકરણ માટેની વિદ્યુત વિભાજનીય શુદ્ધિકરણ પદ્ધતિ સમજાવો.

પ્રશ્ન-10 અવરોધોનું શ્રેણી જોડાણ સમજાવી તેના સમતુલ્ય અવરોધનું સૂત્ર મેળવો.

પ્રશ્ન-11 સમુદ્રમાંથી ઊર્જા ઉત્પાદનની કોઈપણ બે પદ્ધતિ જણાવી કોઈ એક પદ્ધતિનું વર્ણન કરો.




Scanned by CamScanner

## વિભાગ-D

● **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો.** **4**

પ્રશ્ન-12 (A) મનુષ્યના પાચનતંત્રની સ્વચ્છ નામ-નિર્દેશવાળી આકૃતિ દોરો.

(B) આકૃતિમાં દર્શાવેલ અંતઃસ્ત્રાવી ગ્રંથિઓના નામ જણાવો.




----



Scanned by CamScanner